**તુષાર એમ. ધોળકિયા,** આઈ.એ.એસ.
સભ્ય સચિવ

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
(ગુજરાત સરકારનું સાહસ)
"જલસેવા ભવન", છ-રોડ, એરફોર્સ સ્ટેશન સામે, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
ફેક્ષ : (૦૭૯) ૨૩૨૫૧૦૮૬
ફોન નં. : ૯૧-૦૭૯-૨૩૨૫૧૦૪૯, ૨૩૨૨૨૪૧૭
E-mail : msgwssb@gmail.com
Website : www.gwssb.gujarat.gov.in

પરિપત્ર ક્રમાંક/મોની.સેલ/મીસીંગ લીંક/૧૪૯ /૨૦૧૭ તા. ૨૭/૦૪/૨૦૧૭

**વિષય: મીસીંગ લીંક કાર્યક્રમ હેઠળ કરવામાં આવતી જુથ યોજનાઓની કામગીરી બાબત.**

સંદર્ભ:- (૧) મુખ્ય ઇજનેરશ્રી (ટેકનીકલ), બોર્ડ કચેરી પત્ર જા.નં. ટેકસેલ/જનરલ પરિપત્ર/મીસીંગ લીંક- ઓગ્મેન્ટેશન/૧૩૧૮ તા. ૧૧/૦૭/૨૦૧૪.
(૨) મુખ્ય ઇજનેરશ્રી (મોનીટરીંગ સેલ), બોર્ડ કચેરી પત્ર નં. મોનીટરીંગ સેલ/મીસીંગ લીંક/ ૧૫૦૯ તા. ૦૭/૦૮/૨૦૧૪.
(૩) મુખ્ય ઇજનેરશ્રી (મોની.સેલ), બોર્ડ કચેરી પત્ર જા.નં. મોનીસેલ/જનરલ પરિપત્ર/ મીસીંગ લીંક- ઓગ્મેન્ટેશન/ ૧૯૩૬ તા.૧૦/૧૦/૨૦૧૪.

<u>પરિપત્ર-</u>

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા અત્યારે ૧૨૧૩૨ ગામો અને ૧૯૬ શહેરોને આવરી લેતી ૩૦૧ ગ્રામ્ય જુથ પાણી પુરવઠા યોજનાઓની મરામત અને નિભાવળીની કામગીરી કરવામાં આવે છે. ગ્રામ્ય જુથ પાણી પુરવઠા યોજનાઓ જે લગભગ ૧૫ વર્ષ કે તેથી વધુ સમય પહેલાં કાર્યરત થયેલ હોય તે યોજનાઓના સોર્સ નિષ્ફળ ગયા હોય કે દુષિત થયા હોય અથવા અપૂરતા હોય ત્યાં નવીન સોર્સની કામગીરી, પંપીંગ મશીનરી બદલવાની કે રીપેરીંગ કરવાની કામગીરી, અમુક વિસ્તારમાં પાઇપલાઇન બદલવાની કામગીરી, ગામો ઉમેરાવાના કારણે પાઇપલાઇન બદલવાની કામગીરી અથવા નવી વધારાની પાઇપલાઇન નાખવાની કામગીરી, સ્ટેન્ડપોસ્ટ, હવાડા અને ટાંકીઓના રીપેરીંગની કામગીરી વિગેરે કામગીરી કરવાની જરુર પડે છે.

જુથ યોજના કાર્યાન્વિત કરતા સમયે યોજનામાં સમાવિષ્ટ કરવાના રહી ગયેલ ગામો કે પરા વિસ્તારમાં નાખવાની થતી પાઇપલાઇનના કામો, ઘણા સમયથી પડતર લાઇનમાં થયેલ તુટફુટને કારણે નાખવાની થતી નવી પાઇપલાઇનના કામો, બાવળના મુળીયા/રેતી/કચરો ભરાઇ જવાના કારણે તેમજ સેલાઇન ઝોનમાં એમએસ પાઇપ ખવાઇ જવાના કારણે નાખવાની થતી નવી પાઇપલાઇનના કામો, હયાત જુથ યોજનાને અન્ય મોટી જુથ યોજના સાથે જોડવા માટે ૧૫ વર્ષ થી જુની પાઇપલાઇન બદલવાની કામગીરી, યોજનાઓના સોર્સ નિષ્ફળ ગયા હોય કે દુષિત થયા હોય અથવા અપૂરતા હોય ત્યાં નવીન સોર્સની કામગીરી, જમીન બીન ખેતી થાય કે રોડ/કેનાલ વિગેરેની કામગીરીના કારણે નવી પથરેખામાં પાઇપલાઇન નાખવાની કામગીરી વિગેરે કામો મીસીંગલીંક તરીકે કરવામાં આવે છે.

હયાત જુથ યોજના દ્વારા સમાવિષ્ટ ગામોને પુરતું પાણી આપી ના શકાતું હોય તો યોજનાના ઘટકો જેવા કે પાઇપલાઇન, સોર્સ, પંપીંગ મશીનરી, ઉંચી ટાંકી તથા સંપ વિગેરે સ્ટોરેજના કામો, ગામોમાં પુરતા પ્રેશરથી પાણી આપવા માટે પાઇપલાઇનની પથરેખા અને પાઇપના વ્યાસ બદલવાની કામગીરી, છેવાડાના

ગામોને પુરતા પ્રેશરથી પાણી આપવા માટે સંપ, પંપહાઉસ અને ઉંચી ટાંકી સાથે સબહેડવર્ક્સ બનાવવાની કામગીરી, તોડફોડ અને લીકેજની બાબતમાં હયાત એચડીપીઇ/પીવીસી/એસી પાઇપની જગ્યા મેટાલીક પાઇપલાઇન નાખવાની કામગીરી, પંપીંગ મશીનરીમાં ફેરફાર અથવા નવી મશીનરીની કામગીરી, હેડવર્કસ પરની જર્જરીત હયાત ઉંચી ટાંકી/સંપ સામે નવીન સ્ટોરેજ બાંધવાની કામગીરી, ગામો ઉમેરાવાના કારણે પાઇપલાઇન બદલવાની કામગીરી અથવા નવી વધારાની પાઇપલાઇન નાખવાની કામગીરી, સોર્સ ઓગ્મેન્ટેશનના કામો ઓગ્મેન્ટેશન/અપગ્રેડેશન તરીકે કરવામાં આવે છે.

નવી યોજના કે યોજનામાં સુધારા-વધારાના કામો માટેની દરખાસ્તોની ચકાસણી તેમજ મંજૂરીની કામગીરી તાંત્રિક શાખા દ્વારા કરવામાં આવે છે. રૂ.૩.૦૦ કરોડ સુધીના મીસીંગલીંક કામોની સૈધ્ધાંતિક મંજુરી બોર્ડ દ્વારા મળ્યેથી વહીવટી મંજુરી મુખ્ય ઇજનેરશ્રી દ્વારા આપવામાં આવતી હોય છે. આ કામોના દરખાસ્તની સંદર્ભ –(૧), (૨) અને (૩) હેઠળ મળેલ સુચનાઓ મુજબ ચકાસણી તેમજ સૈધ્ધાંતિક મંજુરી માટેની કામગીરી છેલ્લા ૩વર્ષોથી મોનીટરીંગ સેલ દ્વારા કરવામાં આવી રહેલ છે.

તા.૨૮/૦૩/૨૦૧૭ ના રોજ મુખ્ય કચેરી ખાતે થયેલ ૧૩૧ મી તાંત્રિક ચકાસણી સમિતિની બેઠકમાં મીસીંગલીંક કામો બાબતે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ. મીસીંગલીંક અંતર્ગત અલગ-અલગ કામ મંજુર કરવાથી યોજનાની સંપુર્ણ રીતે ચકાસણી થતી ન હોઇ તાંત્રિક ચકાસણી સમિતિ દ્વારા ચકાસણી થાય અને યોજનાની મંજૂરી બેવડાય નહી તે માટે આ દરખાસ્તો ની ચકાસણી તેમજ સૈધ્ધાંતિક મંજુરી માટેની કામગીરી તાંત્રિક શાખા દ્વારા કરવામાં આવે તેમ નિર્ણય કરવામાં આવેલ.

આથી, વર્ષ ૨૦૧૭-૧૮ થી મીસીંગલીંકની દરખાસ્તો મુખ્ય ઇજનેરશ્રી ટેકનીકલ સેલને કાર્યવાહી અર્થે મોકલવાની રહેશે.

સદર બાબતનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

(તુષાર ધોળકિયા)
સભ્ય સચિવ

**નકલ રવાના પ્રતિ,**

- મુખ્ય ઇજનેરશ્રી (ટેક્નીકલ સેલ), ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી (મોની./પ્લા.સેલ), ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી (યાંત્રિક), ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર
- નાણાં નિયંત્રકશ્રી, ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી, ઝોન-૧/૨/૩/૪/૫, ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ, વડોદરા/ અમદાવાદ/ રાજકોટ/ કચ્છ (ભુજ)/ જુનાગઢ.
- અધિક્ષક ઇજનેરશ્રી (સર્વે), ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ
- માસ્ટર ફાઇલ